દુનિયામાં આપણો આનંદ એ વાત પર આધારિત છે કે આપણે બીજાના હૃદયમાં કેટલો પ્રેમ પ્રગટાવી શકીએ છીએ
- રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૯ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર ; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર આઠ હજાર પ્રવાસી ભારતીય આવશે

## ભારતીય પ્રવાસ દિનની ઉજવણીનો ૮મીએ પ્રધાનમંત્રીના હસ્તે આરંભ થશે : ૯મીએ રાષ્ટ્રપતિના હસ્તે સોલ્ટ માઉન્ટનું લોકાર્પણ થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ખાતે યોજાનાર પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ૮ હજાર જેટલા પ્રવાસી ભારતીયો ભાગ લેશે તે ધ્યાને રાખી ઉજવણીના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મહાત્મા ગાંધી સ્વદેશ પરત ફર્યાની ૧૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વાયબ્રન્ટ સમીટ પૂર્વેપ્રવાસી ભારતીય દિવસની ઉજવણી થનાર છે. આ ઉજવણીના ઉદ્‌ઘાટન સમારોહ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે હોવાથી તેનો ઉત્સાહ પણ લોકોમાં ભારે જોવા મળી રહ્યો છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી માટે તંત્ર દ્વારા હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૭મીએ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ આ ઉજવણીમાં ભાગ લેવા માટે ગુજરાત આવી પહોંચશે અને એક સપ્તાહ સુધી તેઓ રોકાશે. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી બાદ વાયબ્રન્ટ સમીટના ઉદ્‌ઘાટન સમારોહમાં પણ તેઓ હાજરી આપનાર છે.

ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને ધ્યાને રાખી તંત્ર દ્વારા પણ સફાઈની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં વિશેષ હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવનાર છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ભાગ લેવા રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી પણ ગાંધીનગર આવી રહ્યા છે. તેઓ ૯મી જાન્યુઆરીએ સોલ્ટ માઉન્ટનું લોકાર્પણ કરશે.

પ્રવાસી ભારતીયો માટે 'હોમસ્ટે' યોજનાની પણ રાજ્ય સરકારે વિશેષ જાહેરાત કરી છે તે ઉલ્લેખનીય છે.

પ્રવાસી ભારતીયોના આગમનને વધાવવા માટે અમદાવાદ રેલવેસ્ટેશન તેમજ એરપોર્ટ પર અટલ લોંજ પણ પ્રવાસન નિગમ દ્વારા બનાવવામાં આવનાર છે. જેમાં ગુજરાતના પ્રવાસન સ્થળો વિશેની વિગતો તેમજ ગુજરાતના વિકાસને લગતી વિગતોના નાનકડા પ્રદર્શનો પણ રાખવામાં આવનાર છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના સંદર્ભે વિશેષ સેમિનારો અને ચર્ચા સત્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોઓમાંથી જાણવા મળેલ છે.





(તસવીર : દિપક જાની)

શિયાળાની સવાર - શિયાળામાં વહેલી સવારે નાગરિકો અને ખાસ કરીને યુવક-યુવતીઓ જોગીંગ માટે નિકળે છે... શહેરના સ્વર્ણિમ પાર્ક, પુનિત વન, સરિતા ઉદ્યાન તથા ચ-માર્ગની ફુટપાથ પર મોટી સંખ્યામાં વૉકર્સ દેખાય છે... સ્વર્ણિમ પાર્કમાં બાળકો માટે રમતના સાધનોનો પણ પૂરબહાર ઉપયોગ શરૂ થયો છે... ઘર આંગણે વિવિધ રમત-ગમતના અને કસરતના સાધનોને પગલે સૌના મનમાં પ્રસન્નતાનો ભાવ પ્રગટતો અનુભવાય છે...

## આજે દિલ્હી જતા મુખ્યમંત્રી

### ત્રણ કેન્દ્રીય મંત્રીઓ સાથે બેઠકો કરશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે દિલ્હી જઈ રહ્યા છે.



દિલ્હીમાં મુખ્યમંત્રીશ્રી કેન્દ્રના રેલવે મંત્રીશ્રી સુરેશ પ્રભુ, આરોગ્યમંત્રી શ્રી નડ્ડા અને ખાતર મંત્રી શ્રી અનંતકુમારને મળી ગુજરાતના પ્રશ્નો અંગે રજુઆત કરશે.

સુરેશ પ્રભુને મળી મેટ્રોરેલ પ્રોજેક્ટ સંદર્ભે તેમજ અનંતકુમારને મળી યુરિયા ખાતરનો જથ્થો ગુજરાતમાં જરૂરિયાત મુજબનો ઉપલબ્ધ બને તે માટે રજુઆતો કરશે. ગુજરાતમાં હાલ ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં યુરિયા ખાતરની માંગનો પણ સમાવેશ થાય છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી કક્ષાએ ખેડૂતોના પ્રશ્નો અંગે પ્રથમવાર કેન્દ્રમાં રજુઆત કરાઈ રહી છે.

## શહેરમાંથી ૧૦૮૨ દબાણો હટાવાયા

### હવે રખડતા પશુઓ માટેની ઝુંબેશ હાથ ધરાશે

### નવા સેક્ટરોમાં નીલગાયની સમસ્યા ગંભીર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન ૧૧૦૦ જેટલા દબાણો તંત્રએ દૂર કર્યા છે.

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટને લઈ જે સફાઈ અભિયાન હાથ ધરાયુ છે તે અંતર્ગત દબાણો દૂર કરવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

દબાણો દૂર કરવાનું અભિયાન સતત ચાલતુ રહેશે પરંતુ એક માસના ટુંકાગાળામાં તંત્રએ સૌથી વધુ દબાણો દૂર કર્યા છે. તંત્રએ મીના બજાર, સે. ૨૪, અક્ષરધામ, સેક્ટર-૨૧ સહિત મહત્વના સ્થળોએથી મોટી સંખ્યામાં દબાણો દૂર કર્યા છે.

ગાંધીનગર શહેરમાં દબાણોની સમસ્યા દિવસે દિવસે વધુ ને વધુ ગંભીર બની રહી છે. જિલ્લા તંત્ર દ્વારા પણ વાયબ્રન્ટને લઈ અત્યારે દર સપ્તાહે સમીક્ષા કરવામાં આવી રહી છે.

દબાણની સાથે સાથે રખડતા પશુઓ માટેની ઝુંબેશ હવે હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગરના મુખ્ય માર્ગો પર રાત્રીના સમયે હજુ પણ રખડતા પશુઓ મળી રહ્યા છે.

બીજી તરફ વન વિભાગની હદમાં આવેલા દબાણો પણ હજુ દૂર કરવાની કાર્યવાહી ગતિમાં છે. આ ઉપરાંત નીલગાયની સમસ્યા નવા સેક્ટરોમાં વધુ ગંભીર બની રહી છે.

વાયબ્રન્ટ સમિટના પગલે દબાણ અને રખડતા પશુના મામલે શહેરનું વહીવટીતંત્ર ભારે જહેમત ઉઠાવી રહ્યું છે.

# રાજ્યભરમાં ઠંડીનું તીવ્ર મોજુ

## લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે ફેરફાર : ઘણા વિસ્તારોમાં જનજીવનને અસર : ઠંડી વધવાના સ્પષ્ટ એંધાણ

## ઠંડીમાં ભારે વધ-ઘટથી હાલાકી

### લઘુત્તમ તાપમાનમાં દરરોજ ૩ થી ૪ ડિગ્રીની વધઘટ સ્વાસ્થ્યને હાની પહોંચાડે છે

ગાંધીનગર, તા. ૨૧

ડિસેમ્બર માસના અંતિમ ભાગમાં વાતાવરણમાં ફેરફાર આવવાની પ્રક્રિયા ચાલુ રહી છે. લઘુત્તમ તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીની વધઘટ એક જ દિવસમાં થતાં ક્યારેક વસાહતીઓ ઠંડીમાં થર થર ધ્રુજે છે તો ક્યારેક સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે.

છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળોનો જમાવડો છે. આખો દિવસ સૂર્યનારાયણ વાદળોની વચ્ચે સંતા-કુકડી રમતા રહે છે. દિવસ ટુંકો રહેતા અને સૂર્યનારાયણના દર્શન ઓછા થતાં દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડે તેવું વાતાવરણ રહે છે. ક્યારેક પવનની ગતિ તીવ્ર બનતા વસાહતીઓ ઠંડીમાં પરેશાન થઈ જાય છે. છેલ્લા અઠવાડિયામાં લઘુત્તમ તાપમાનમાં ભારે ચડાવ-ઉતાર જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાનમાં ત્રણ થી ચાર ડિગ્રીનો વધારો ઘટાડો થતો જોવા મળે છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. જે ગઈકાલે વધીને ૧૫ ડિગ્રીએ પહોંચ્યું હતું. ત્યારબાદ આજે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીએ પહોંચ્યું હતું. હજુ આકાશમાં વાદળોનો થોડોક જમાવડો છે. આ વાદળો વિખેરાતા ઠંડીની તીવ્રતા વધશે તેવું હવામાન નિષ્ણાંતો કરી રહ્યા છે.

અમદાવાદ,તા. ૨૧

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઠંડી અને ગરમીનો અનુભવ લોકો યથાવરીતે કરી રહ્યા છે. શનિવારના દિવસે તાપમાનમાં એકાએક વધારો થયા બાદ આજે ફરીએકવાર લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં આશરે ચાર ડિગ્રીની આસપાસનો ઘટાડો નોંધાયો હતો. ગઈકાલના ૧૫.૧ ડિગ્રીની સામે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડિગ્રી થઈ ગયું હતું. જ્યારે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ હતી જ્યાં લઘુત્તમ તાપમાન ૭.૫ ડિગ્રી થઈ ગયું હતું. કંડલા એરપોર્ટ ઉપર ૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતના ઘણા ભાગોમાં આજે તાપમાન બે આંકડાથી નીચે પહોંચ્યું હતું જેમાં ડિસા, અમરેલી, નલિયા,

કંડલા એરપોર્ટ, પોરબંદરનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. રાત્રિ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અમદાવાદમાં આવતીકાલે તાપમાનમાં ફરી એકવાર વધારો થશે અને તાપમાન વધીને ૧૨ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે. નલિયામાં સૌથી ઓછુ તાપમાન નોંધાયું છે. જાણકાર લોકોનું કહેવું છે કે, હવે ઠંડીમાં વધારો થઈ શકે છે. વાદયછાયુ વાતાવરણની સ્થિતિમાં તાપમાનમાં સતત ફેરફાર ચિંતા ઉપજાવે તેવું છે. કારણ કે, આનાથી નાના બાળકો અને મોટી વયના લોકો રોગચાળાના સકંજામાં આવી રહ્યા છે. ઈન્ફેક્શનના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ ઉમટી પડ્યા છે.



(તસવીર : દિપક જાની)

## કપાસના મામલે ખેડૂતોના દેખાવોનો સામનો કરતા મંત્રીઓ

ગાંધીનગર, તા. ૨૧

રાજયના વિવિધ તાલુકાઓમાં આજે કૃષિ કલ્યાણ મેળાના કાર્યક્રમનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી.

રાજય સરકાર દ્વારા રાજયમાં બે તબક્કામાં કૃષિ કલ્યાણ મેળાનો કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો હતો. જેમાં બીજા તબક્કાના કૃષિ કલ્યાણ મેળા કાર્યક્રમનો આજે છેલ્લો દિવસ હતો.

બીજા બાજુ કપાસ પકવતા ખેડુતોને કપાસના પોષણક્ષમ ભાવો નહી મળતા ખેડુતો દ્વારા છેલ્લા કેટલાક સમયથી આંદોલન છેડવામાં આવ્યું છે અને સરકારી કાર્યક્રમો દરમિયાન ખેડુતો દ્વારા વિરોધ પ્રદર્શીત કરવામાં આવી રહ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે પોરબંદરના કુતિયાણા, મોરબી, ઉના, હીંમતનગરમાં કૃષિ કલ્યાણ મેળાના કાર્યક્રમ દરમિયાન ખેડુતો અને કોંગ્રેસના કાર્યકરો દ્વારા કાળા વાવટા દર્શાવીને વિરોધ પ્રદર્શીત કરવામાં આવી રહ્યો હતો. જેના કારણે રાજય સરકારના મંત્રીએ ખેડુતોના વિરોધ પ્રદર્શનનો સામનો કરવો પડયો હતો.

આમ રાજયના જુદા જુદા તાલુકાઓમાં કપાસના ભાવોને લઈને વિરોધ પ્રદર્શીત કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતોની અટકાયતો કરવામાં આવી હતી.

નોકરી-લગ્ન જલ્દી થાય તેની ચાવી હસ્તરેખા કે કુંડળીમાં હોય છે.

(૧) કન્યા રાશિના શુક્રવાળા વ્યક્તિ સાથે મેરેજ ખૂબ જ વિચારીને કરવા. (૨) નૈરૂત્ય રૂમમાં સુવાથી લગ્નમાં રૂકાવટ આવે. વાયુતત્વનો ઉપયોગ કરવો. (૩) ઉચ્ચનો શુક્ર કે શુક્ર-ચંદ્ર પાંચમા સ્થાને વ્યક્તિ એક્ટર-સીંગર કે ડાયરેક્ટર બનાવે. (૪) જો લગ્ન થતા ન હોયતો પાંચ કોડીનો પ્રયોગ કરો. (૫) સરકારી નોકરી માટે હાથમાં સૂર્ય રેખા તથા માઉન્ટ સારા જોઈએ. (૬) વાસ્તુદોષવાળા મકાનમાં રહેવાથી રોગ, ધનહાનિ, માનસિક, આર્થિક રૂકાવટો, સંબંધો, અભ્યાસ બગડે. (૭) હાથની રેખાઓ દ્વારા લગ્ન ક્યારે ? પાત્ર કેવું ? કઈ દિશામાં જાણી શકાય. (૮) ઈશાન કે પૂર્વ દિશા કપાય કે દૂષિત થાય તો અભ્યાસ ઉપર અસર કરે છે. (૯) મીન રાશિનો શુક્ર વ્યક્તિને એન્જિનિયર બનાવે.

હસ્તરેખા દર્પણ
ડો. ચંદ્રકાન્ત નાણાવટી
જ્યોતિષ આચાર્ય

નોંધ : હસ્તરેખા-કુંડળી બતાવવા ડો. નાણાવટીની એપોઈન્ટમેન્ટ લેવી.
97230 96737, 93761 36727, સે.૫-બી, ૬૧૭/૨







ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧